INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી તા ૪/૧૦/૨૦૨૩

- **બોટાદમા આરોગ્ય વિષયક સુવિધાથી બોટાદની જનતા પરેશાન....**
- **બોટાદને જીલ્લાનો દરજ્જો મળ્યાના દસ વર્ષ થયા હજુ રેફરલ હોસ્પિટલનુ મહેકમ અને સિવીલ હોસ્પિટલ માત્ર નામ.**

ભાજપા સરકાર વિધાનસભાની દરેક ચુંટણીએ બોટાદને સિવીલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ માટે જમીન ફાળવે છે, પહેલા તુરખા રોડ, ગુજરાતના તત્કાલિન નાયબ મુખ્યપ્રધાને તા.૦૭.૦૮.૨૦૨૦ એ ભાવનગર રોડ અને હવે મહેસુલ વિભાગે તા.૨૭.૦૭.૨૦૨૩ નાગલપર ગામની ગૌચરની જમીન સંપાદન કરવાનો હુકમ કરેલ છે અને તે પણ ખાનગી કંપનીની ભાગીદારીમા સિવીલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ નિર્માણ કરવા માટે આમ એક દાયકા જેટલો સમય જતો રહ્યો પરંતુ બોટાદની જનતા આરોગ્ય વિષયક પ્રશ્નોનુ સમાધાન આપ્છેયુ નથી.

આ અંગે બોટાદની જનતા માટે અમારી ત્રણ માંગ છે.

1. બોટાદ જીલ્લાને સરકારી સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ આપો પરંતુ પીપીપી ધોરણે નહિ.
2. ગુજરાત સરકારના મહેસુલ વિભાગે તા.૨૭.૦૭.૨૦૨૩ ના રોજ નાગલપર ગામની ગૌચર જમીન સંપાદન કરવાનો હુકમ કરેલ તે વહેલીતકે રદ કરી અન્ય જમીનનો વિકલ્પ કરવામા આવે.
3. દસ વર્ષથી ભાજપા સરકાર દ્વારા અપાતા વાયદા અને વચનો બંધ કરી, સિવીલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજના ભુમિ પુજનની તારીખ આપવામા આવે..

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ